## રણબીર કપૂરે 'રામાયણ'માં પોતાના ડબલ રોલની પુષ્ટિ કરી




મુંબઈ તા. 4 : રણબીર કપૂરે પુષ્ટિ કરી છે કે, તે નિતેશ તિવારીની આગામી ફિલ્મ 'રામાયણ'માં ડબલ રોલ ભજવશે. તે ભગવાન રામ તરીકે જોવા મળશે અને ભગવાન વિષ્ણુના અગાઉના અવતાર પરશુરામ તરીકે પણ ટૂંકી ભૂમિકામાં દેખાશે. આ ડબલ રોલનો સંકેત લેટેસ્ટ ટીઝરમાં આપવામાં આવ્યો હતો, પરંતુ અત્યાર સુધી તેની સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી ન હતી. લોસ એન્જલસમાં ટીઝર લોન્ચ ઈવેન્ટ દરમિયાન 'કોલાઈડર' સાથે વાત કરતાં રણબીર કપૂરે જણાવ્યું હતું કે, તેણે આ બંને પાત્રો ભજવવા માટે કેવો અભિગમ અપનાવ્યો. તેણે કહ્યું કે રામ અને પરશુરામના અલગ-અલગ સ્વભાવને દર્શાવવા માટે તેણે બોડી લેંગ્વેજ અને અવાજના મોડ્યુલેશનનો ઉપયોગ કર્યો હતો.

## 'ધુરંધર-૨': વૈશ્વિક બોક્સ ઓફિસ પર ૧૫૦૦ કરોડ રૂપિયાનો આંકડો પાર કર્યો




મુંબઈ, તા. 4: દિગ્દર્શક આદિત્ય ધરની 'ધુરંધરઃ ધ રિવેન્જ'એ તેના સોળમા દિવસે પણ બોક્સ ઓફિસ પર પોતાની ગતિ જાળવી રાખી હતી. આ જાસૂસી થ્રિલર ફિલ્મે ભારતમાં કુલ ૯૫૯.૩૭ કરોડ રૂપિયા અને વિશ્વભરમાં ૧,૫૨૩.૫૮ કરોડ રૂપિયાની કમાણી કરી છે. આ ફિલ્મે અગાઉથી જ કેજીએફ': ચેપ્ટર ૨' (૮૫૯.૭૦ કરોડ રૂપિયા), 'આરઆરઆર' (૭૮૨.૨૦ કરોડ રૂપિયા), અને 'કલ્કી ૨૮૯૮ એડી' (૬૪૬ કરોડ રૂપિયા)ના ભારતીય કલેક્શનને પાછળ છોડી દીધું છે. ગુરુવારે કલેક્શનમાં થયેલા ઘટાડા બાદ 'ધુરંધરઃ ધ રિવેન્જ'ની ગતિ ધીમી પડી હતી. જોકે, સેકનિલ્કના અહેવાલ મુજબ, શુક્રવારે ૧૩,૩૧૭ શો દ્વારા ફિલ્મની કમાણીમાં ૧૭.૮%નો વધારો જોવા મળ્યો હતો, જે ૧૮.૩૦ કરોડ રૂપિયાથી વધીને ૨૧.૫૫ કરોડ રૂપિયા થઈ હતી.

## અક્ષય કુમાર 'નાગિન 7'માં નાગ ગુરુ તરીકે વિશેષ ભૂમિકામાં છે



મુંબઈ તા. 4 : અક્ષય કુમારે 'નાગિન 7'માં નાગ ગુરુ તરીકે વિશેષ ભૂમિકા ભજવી છે. આ ફેન્ટસી ડ્રામામાં એક મહત્ત્વપૂર્ણ પાત્ર સાથે પ્રવેશ કરીને તેમણે ચાલતી વાર્તામાં એક નવો વળાંક ઉમેર્યો છે. તાજેતરમાં રિલીઝ થયેલા એક નવા પ્રોમો દ્વારા અક્ષયની એન્ટ્રીની જાણકારી મળી છે, જે નાગિન અને તેના અત્યાર સુધીના સૌથી ખતરનાક દુશ્મન - 'ડ્રેગન' વચ્ચેના મોટા મુકાબલાનો સંકેત આપે છે. પ્રોમોમાં, નાગ ગુરુ અક્ષય નાગિનને તોળાતા જોખમ વિશે ચેતવણી આપે છે અને સમજાવે છે કે માત્ર ડ્રેગનને માત્ર તેમની ખુદની અગ્નિ જ ખતમ કરી શકાય છે. જ્યારે તે (નાગિન) તેમની મદદ માંગે છે, ત્યારે તેઓ તેને પોતે જ આ યુદ્ધનો સામનો કરવા માટે પ્રોત્સાહિત કરે છે.

## સા રે ગ મ

**અનિલ આનંદ**

### રાજકીય સંબંધોની અનોખી 'પ્રેમકથા'

બે વરિષ્ઠ રાજકીય નેતાઓ, જૂના જોગીઓ અને એક જ રાજ્યના સાથીદારો છે, તેઓ જાહેરમાં તેમના 'રોમેન્ટિક સંબંધો' વિશે ચર્ચા કરે છે, એકબીજા સામે ફરિયાદ કરે છે અને સંબંધો બગાડવા માટે એકબીજાને દોષ આપે છે, તે જાહેર જનતા માટે ખૂબ જ મનોરંજનનો વિષય બન્યો છે. માનવામાં ન આવે તેવી આ વાત એક ૯૦ વર્ષીય અને એક ૮૦ વર્ષીય રાજકીય નેતા વચ્ચેના ખાટા-મીઠા રોમેન્ટિક સંબંધોની છે. સંસદના પ્રતિષ્ઠિત ઉપલા ગૃહ, રાજ્યસભામાં આનો પ્રારંભ ત્યારે થયો જ્યારે કોંગ્રેસ અધ્યક્ષ અને વિરોધ પક્ષના નેતા મલ્લિકાર્જુન ખડગેએ તેમના સાથી કન્નડ અને પૂર્વ વડા પ્રધાન એચ. ડી. દેવગૌડા પર નિશાન સાધ્યું. નિવૃત્ત થઈ રહેલા સાંસદોના વિદાય ભાષણમાં ખડગેએ દેવગૌડા વિશે કહ્યું, ''વો મોહબ્બત હમારે સાથ કિયે, શાદી મોદી સાહબ કે સાથ કી'' (તેમણે પ્રેમ અમારી સાથે કર્યો પણ લગ્ન મોદી સાહેબ સાથે કર્યાં). આ સાંભળીને બધાને ખૂબ મજા પડી. ગૃહમાં ભાગ્યે જ હાજર રહેતા વડા પ્રધાન નરેન્દ્ર મોદી પણ પોતાનું સ્મિત રોકી શક્યા નહીં. સામે પક્ષે, ૯૦ વર્ષીય દેવગૌડાએ પણ પાછળથી એક ખુલ્લા પત્રમાં આનો જવાબ આપ્યો. તેમણે કહ્યું, ''ખડગેને યાદ હશે કે, ૨૦૧૮માં કોંગ્રેસે ગુલામ નબી આઝાદને મોકલ્યા હતા અને કુમારસ્વામીને મુખ્યમંત્રી પદની ઓફર કરી હતી. મેં આ માટે સંમતિ આપી નહોતી. મેં કોંગ્રેસ ગઠબંધન છોડ્યું ન હતું, પણ તેમણે મને છૂટાછેડા લેવા સિવાય બીજો કોઈ વિકલ્પ છોડ્યો નહોતો.''

### ભાજપના નવા અધ્યક્ષની આરએસએસમાં સ્વીકૃતિ

ભાજપના નવા લો-પ્રોફાઇલ અને નમ્ર પ્રમુખ નીતિન નબીને હજી જાહેરમાં પોતાની ઓળખ બનાવવાની બાકી છે અને તેઓ હાલમાં ચર્ચાથી દૂર રહેવાનું પસંદ કરી રહ્યા છે, પરંતુ તેનો અર્થ એ નથી કે તેમના માર્ગદર્શકો વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહ પ્રધાન અમિત શાહ સિવાય તેમના કોઈ પ્રશંસકો નથી. જ્યારે પક્ષના વર્તુળોએ તેમની અચાનક નિમણૂક પછી મૌન જાળવ્યું છે, ત્યારે આરએસએસના વર્તુળોમાં તેમની ચર્ચા અને પ્રશંસા થઈ રહી છે. તાજેતરમાં આરએસએસની 'અખિલ ભારતીય પ્રતિનિધિ સભા'ની કોન્ફરન્સ યોજાઈ હતી, જેમાં ભાજપના સૌથી યુવા પ્રમુખ નીતિન નબીને હાજરી આપી હતી. અન્ય એજન્ડાઓ હોવા છતાં નબીન ચર્ચાનો મુખ્ય વિષય રહ્યા હતા. આરએસએસના ટોચના નેતૃત્વ દ્વારા આ કોન્ફરન્સમાં તેમની સક્રિય ભાગીદારીના વખાણ કરવામાં આવ્યા હતા. વર્તમાન સંજોગોમાં આ એક મજબૂત સમર્થન કહી શકાય. જેઓ તેમને રાજકારણમાં શિખાઉ માનતા હતા, તેમને નબીને ખોટા સાબિત કર્યા અને સંગઠન સાથે સેતુ બનાવવાની તક ઝડપી લીધી. તેમણે આરએસએસના વિવિધ મોરચાના વડાઓ સાથે અલગ-અલગ બેઠકો પણ યોજી હતી.

### કૃષિ મંત્રીનું વૃક્ષારોપણ અભિયાન : દીવા તળે અંધારું

'દીવા તળે અંધારું' કહેવત કૃષિ મંત્રી શિવરાજ સિંહ ચૌહાણના વૃક્ષારોપણ અભિયાનના કિસ્સામાં બરાબર બંધ બેસે છે. તેઓ જ્યાં પણ તક મળે ત્યાં દરરોજ એક છોડ રોપે છે. જોકે, તેમનું આ અભિયાન કૃષિ મંત્રાલયના મુખ્ય મથક 'કૃષિ ભવન'માં જ નિષ્ફળ જતું દેખાય છે. મંત્રાલયના પરિસરમાં તેમના દ્વારા રોપવામાં આવેલા છોડ ઉપેક્ષાનો ભોગ બન્યા છે અને કરમાઈ રહ્યા છે. આશ્ચર્યની વાત એ છે કે, હંમેશાં બોલતા રહેતા મંત્રીનું ધ્યાન આ બાબત પર કેમ ન ગયું?

# મલપ્પુરમમાં શશિ થરુરના ગનમેન અને ડ્રાઈવર પર હુમલો

**થરૂર** ચૂંટણી પ્રચાર માટે જઇ રહ્યા હતા ત્યારે માર્ગમાં અવરોધ ઉભો કરાયો હતો

**અવરોધ** હટાવવા જતા હુમલો થયો, એકની ધરપકડ

મલપ્પુરમ (કેરળ), તા. 4 (PTI) અહીંના વન્દૂરમાં કોંગ્રેસના સાંસદ શશિ થરુરના ગનમેન અને ડ્રાઈવર પર પાંચ સભ્યોના જૂથ દ્વારા કથિત રીતે હુમલો કરવામાં આવ્યા બાદ એક વ્યક્તિને કસ્ટડીમાં લેવામાં આવી છે. એમ પોલીસે શનિવારે જણાવ્યું હતું.

વન્દૂર પોલીસના જણાવ્યા અનુસાર, કેસ નોંધવામાં આવ્યો છે અને હાલમાં એક વ્યક્તિ કસ્ટડીમાં છે. પોલીસે જણાવ્યું હતું કે, થરુરના ગનમેન રતીશ કે.પી. દ્વારા દાખલ કરવામાં આવેલી ફરિયાદના આધારે કેસ નોંધવામાં આવ્યો છે.

એફઆઈઆર મુજબ, આ ઘટના શુક્રવારે સાંજે 7.30 વાગ્યાની આસપાસ વન્દૂરના તિરુવલી પાસે ચેલીથોડ ખાતે બની હતી. પોલીસ અધિકારીઓએ જણાવ્યું હતું કે, જ્યારે ચેલીથોડ બ્રિજ પર રોડ બ્લોક હતો ત્યારે આ ઘટના બની હતી. કારણ કે, થરુર કોંગ્રેસના નેતા એ.પી. અનિલકુમારના ચૂંટણી પ્રચાર કાર્યક્રમમાં હાજરી આપવા જઈ રહ્યા હતા.

એફઆઈઆર મુજબ, બે વાહનોમાં મુસાફરી કરી રહેલા આરોપીઓએ સાંસદના વાહનને રોક્યું હતું. એફઆઈઆરમાં કહેવામાં આવ્યું છે કે, જ્યારે ગનમેને અવરોધ દૂર કરવાનો પ્રયાસ કર્યો ત્યારે તેના પર અને ડ્રાઈવર પર કથિત રીતે હુમલો કરવામાં આવ્યો હતો. પોલીસે જણાવ્યું હતું કે, રસ્તો સાંકડો હતો અને ગનમેને સાંસદના કાફલાને સરળતાથી પસાર થવા દેવા માટે આગળના વાહનને ઝડપથી આગળ વધવા માટે જ કહ્યું હતું.

પોલીસે ઉમેર્યું હતું કે, શુક્રવારે મોડી રાત્રે એક વ્યક્તિને કસ્ટડીમાં લેવામાં આવી હતી અને બાકીના ચાર આરોપીઓની ઓળખ થઈ ગઈ છે અને ટૂંક સમયમાં તેમની ધરપકડ કરવામાં આવશે.



» ફ્રાન્સના પેરિસમાં ડિઝનીલેન્ડમાં વર્લ્ડ ઓફ ફ્રોઝન વિસ્તરણ કરીને ફરીથી શરૂ કરાયું છે જેમાં અદભૂત થીમ્સ આધારિત રચનાઓ ઉભી કરવામાં આવી છે. આ પાર્કના એક વિસ્તારમાં આતશબાજી સાથેનું મનોહર દ્રશ્ય તસવીરમાં જોઇ શકાય છે.

# રશિયા અને યુક્રેન વચ્ચે જીવલેણ હુમલાઓ જારી, 10નાં મોત

**ઝેલેન્સ્કી** એર્દોગન સાથે વાતચીત કરવા ઈસ્તંબુલ પહોંચ્યા

કિવ, તા. 4 (AP): રશિયા અને યુક્રેન વચ્ચે રાતભર અને શનિવારે સવારે જીવલેણ હુમલાઓ ચાલુ રહ્યા હતા, જેમાં 10 લોકોનાં મોત થયાં છે અને અન્ય ડઝનબંધ લોકો ઘાયલ થયા છે. એમ બંને પક્ષના અધિકારીઓએ જણાવ્યું હતું.

આ હુમલા એવા સમયે થયા છે જ્યારે યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોદિમિર ઝેલેન્સ્કી તુર્કીના રાષ્ટ્રપતિ રેસેપ તૈયપ એર્દોગન સાથે વાતચીત કરવા ઈસ્તંબુલ પહોંચ્યા હતા. તેઓ પૂર્વીય રૂઢિચુસ્ત ખ્રિસ્તીઓના આધ્યાત્મિક નેતા ઈક્યુમેનિકલ પેટ્રિઆર્ક બર્થોલોમ્યુ સાથે પણ મુલાકાત કરશે.



ઝેલેન્સ્કીએ ઈસ્તંબુલ પહોંચ્યા બાદ મેસેજિંગ એપ ટેલિગ્રામ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, "અમે જીવનના વાસ્તવિક રક્ષણને સુનિશ્ચિત કરવા, સ્થિરતા વધારવા અને યુરોપ તથા મધ્ય પૂર્વમાં સુરક્ષાની ખાતરી આપવા માટે અમારી ભાગીદારીને મજબૂત કરવા માટે કામ કરી રહ્યા છીએ. સંયુક્ત પ્રયાસો હંમેશાં શ્રેષ્ઠ પરિણામો આપે છે."

યુક્રેનિયન વાયુસેનાએ એક ઓનલાઈન નિવેદનમાં જણાવ્યું હતું કે, રશિયાએ રાતભર યુક્રેન પર 286 ડ્રોન છોડ્યા હતા, જેમાંથી 260 તોડી પાડવામાં આવ્યા હતા.

પ્રાદેશિક સૈન્ય વહીવટીતંત્રના વડા ઓલેક્ઝાન્ડર હાન્ઝાએ જણાવ્યું હતું કે, દનિમપ્રોપેટ્રોવસ્ક ક્ષેત્રના નિકોપોલ શહેરમાં પાંચ લોકો - ત્રણ મહિલાઓ અને બે પુરુષો - માર્યા ગયા હતા અને અન્ય 19 લોકો ઘાયલ થયા હતા, આ હુમલામાં બજારના સ્ટોલ અને એક દુકાનને નુકસાન થયું હતું.

નેશનલ પોલીસે જણાવ્યું હતું કે, રશિયાની સરહદની નજીક આવેલા સુમી શહેરમાં એક હુમલામાં 11 લોકો ઘાયલ થયા હતા. આ હુમલામાં રહેણાક વિસ્તારોને નિશાન બનાવવામાં આવ્યા હતા અને ઘરો, કાર અને ઉપયોગિતા નેટવર્કને નુકસાન થયું હતું.

# પાકિસ્તાન સરકારે પેટ્રોલમાં પ્રતિ લીટર 80 રૂપિયાનો ઘટાડો કર્યો

**તીવ્ર** ભાવવધારા બાદ ભારે આક્રોશના એક દિવસ પછી લેવાયો નિર્ણય

ઈસ્લામાબાદ, તા. 4 (PTI): ઈંધણના ભાવમાં અભૂતપૂર્વ વધારાને કારણે સર્જાયેલા ભારે આક્રોશના એક દિવસ પછી પાકિસ્તાનના વડા પ્રધાન શહબાઝ શરીફે પેટ્રોલના ભાવમાં 80 પાકિસ્તાની રૂપિયા (પીકેઆર) ના ઘટાડાની જાહેરાત કરી છે.

શરીફે શુક્રવારે મધ્યરાત્રિએ સંબોધન કરતાં જાહેરાત કરી હતી કે, સરકારે પેટ્રોલ લેવીમાં પ્રતિ લીટર 80 રૂપિયાનો ઘટાડો કરવાનો નિર્ણય લીધો છે, જેનાથી ગ્રાહકો માટે હવે પેટ્રોલ 378 રૂપિયા પ્રતિ લીટરના ભાવે ઉપલબ્ધ થશે.

સરકારે ગુરુવારે પેટ્રોલ અને હાઈ-સ્પીડ ડીઝલ (એચએસડી) ના ભાવમાં અનુક્રમે 43 ટકા અને 55 ટકાનો અભૂતપૂર્વ વધારો જાહેર કર્યો હતો. પેટ્રોલમાં પ્રતિ લીટર 321.17 રૂપિયાથી વધીને 458.41 રૂપિયા સુધીનો વધારો એ સમયે થયો હતો જ્યારે સરકારી લેવી 105 રૂપિયાથી વધારીને 160 રૂપિયા પ્રતિ લીટર કરવામાં આવી હતી. સરકારે એચએસડીના ભાવમાં પણ પ્રતિ લીટર 184.49 રૂપિયાનો વધારો કર્યો હતો, જે 335.86 રૂપિયાથી વધીને 520.35 રૂપિયા થયો હતો, પરંતુ તેના પરથી લેવી નાબૂદ કરી દેવામાં આવી હતી. આના પગલે એવી માંગ ઊઠી હતી કે, સરકારે પેટ્રોલના કિસ્સામાં પણ આવું જ કરવું જોઈએ જેથી નાગરિકોને થોડી રાહત મળે. શરીફે જણાવ્યું હતું કે, "હું પેટ્રોલ લેવીમાં તાત્કાલિક પ્રતિ લીટર 80 રૂપિયાના ઘટાડાની જાહેરાત કરું છું," શરીફે ઉમેર્યું હતું કે 378 રૂપિયાનો નવો ભાવ મધ્યરાત્રિથી અમલમાં આવશે અને દેશભરના પેટ્રોલ પંપો પર સુધારેલા દરે પેટ્રોલ ઉપલબ્ધ થશે.

# બે દાયકામાં પ્રથમ વખત અમેરિકી યુદ્ધ વિમાનો ભોગ બન્યા

**ઇરાની** લશ્કર નષ્ટ થઇ ગયું હોવાના ટ્રમ્પના દાવાના બે જ દિવસમાં ઇરાને સખત ફટકો માર્યો

વોશિંગ્ટન, તા. 4 (AP): ઈરાન દ્વારા બે અમેરિકન સૈન્ય વિમાનોને તોડી પાડવા એ અમેરિકા માટે એક અત્યંત દુર્લભ હુમલો છે, જે 20 વર્ષથી વધુ સમયમાં બન્યો નથી. આ ઘટના દર્શાવે છે કે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના એ દાવા છતાં કે ઈરાન 'સંપૂર્ણપણે નાબૂદ' થઈ ગયું છે, ઈસ્લામિક રિપબ્લિક વળતો હુમલો કરવાની ક્ષમતા ધરાવે છે.

આ હુમલાઓ અમેરિકા અને ઈઝરાયેલ દ્વારા ઈરાન પર કરવામાં આવેલા પ્રથમ પ્રહારોના પાંચ અઠવાડિયા પછી થયા છે. ટ્રમ્પે આ અઠવાડિયાની શરૂઆતમાં કહ્યું હતું કે, ''તેહરાનની મિસાઈલ અને ડ્રોન લોન્ચ કરવાની ક્ષમતામાં નાટ્યાત્મક રીતે ઘટાડો થયો છે.''

અમેરિકી અધિકારીઓના જણાવ્યા અનુસાર, ઈરાને શુક્રવારે અમેરિકાનું એફ15-ઈ સ્ટ્રાઈક ઈગલ ફાઈટર જેટ તોડી પાડ્યું હતું, જેમાં એક સૈનિકને બચાવી લેવાયો છે અને બીજાની શોધખોળ હજી ચાલુ છે.

ઈરાની સરકારી મીડિયાએ એમ પણ જણાવ્યું હતું કે, ઈરાની સંરક્ષણ દળો દ્વારા નિશાન બનાવ્યા બાદ અમેરિકાનું એ-10 એટેક એરક્રાફ્ટ ક્રેશ થયું હતું.

નિવૃત્ત એરફોર્સ બ્રિગેડિયર જનરલ હ્યુસ્ટન કેન્ટવેલ, જેઓ ભૂતપૂર્વ એફ-16 ફાઈટર પાઈલટ છે, તેમણે જણાવ્યું હતું કે છેલ્લી વખત અમેરિકી ફાઈટર જેટ યુદ્ધમાં તોડી પાડવામાં આવ્યું હતું તે 2003માં ઈરાક પરના અમેરિકી આક્રમણ દરમિયાન એ-10 થંડરબોલ્ટ II હતું.

પરંતુ, કેન્ટવેલે કહ્યું હતું કે, તેનું કારણ એ હતું કે અમેરિકા મોટા ભાગે એવા બળવાખોરો સામે લડી રહ્યું હતું જેમનામાં આવી વિમાન વિરોધી ક્ષમતાઓ નહોતી. કેન્ટવેલે જણાવ્યું હતું કે, ઈરાનમાં વધુ ફાઈટર જેટ ગુમાવ્યા નથી તે અમેરિકી દળોની ક્ષમતાનું પ્રમાણ છે.

# દિલ્હીમાં AV કેનાલ ડિફેક્ટ માટે વિશ્વની પ્રથમ મિનિમલ ઈન્વેઝિવ હાર્ટ સર્જરી

**શરીરના** આંતરિક અંગો ઉલટી દિશામાં ગોઠવાયેલા હોય તેવી સ્થિતિ ધરાવતી મહિલા પર આ સર્જરી કરાઇ

**મિરર** ઇમેજ કંડીશનની સાથે આ મહિલા દર્દીને AV કેનાલ ડિફેક્ટ હતી

નવી દિલ્હી, 4 એપ્રિલ (PTI): હોસ્પિટલના દાવા મુજબ વિશ્વમાં પ્રથમ વખત, આરએમએલ (RML) હોસ્પિટલના ડોક્ટરોએ એક 31 વર્ષીય મહિલા પર સફળતાપૂર્વક 'મિનિમલી ઈન્વેસિવ' (નાના ચેકા દ્વારા) હૃદયની સર્જરી કરી છે. આ મહિલા એક અત્યંત દુર્લભ સ્થિતિથી પીડાતી હતી જેમાં શરીરના આંતરિક અંગો સામાન્ય સ્થિતિ કરતા ઉલટી દિશામાં (મિરર ઈમેજ) ગોઠવાયેલા હતા.

રાજસ્થાનની રહેવાસી આ દર્દી 'સાઈટસ ઈનવર્સસ' નામની જન્મજાત વિસંગતતાથી પીડાતી હતી. આ સ્થિતિમાં તેના આંતરિક અંગો સંપૂર્ણપણે વિરુદ્ધ દિશામાં હતા–જેમ કે હૃદય જમણી બાજુ, લિવર ડાબી બાજુ, બરોળ જમણી બાજુ અને જઠર પણ જમણી બાજુએ હતું. તપાસ દરમિયાન જાણવા મળ્યું કે તે હૃદયની જન્મજાત બીમારી 'પાર્શિયલ એટ્રિયોવેન્ટ્રિક્યુલર (AV) કેનાલ ડિફેક્ટ' થી પણ પીડાતી હતી, જેમાં હૃદયમાં કાણું હોવાને કારણે શુદ્ધ અને અશુદ્ધ લોહી મિશ્રિત થઈ જાય છે. આરએમએલ હોસ્પિટલના કાર્ડિયોથોરાસિક એન્ડ વેસ્ક્યુલર સર્જરી વિભાગના ડાયરેક્ટર, પ્રોફેસર અને વડા ડો. નરેન્દ્ર સિંહ ઝાઝરિયાએ જણાવ્યું હતું કેઃ સાઈટસ ઈનવર્સસ પોતે જ એક અત્યંત દુર્લભ સ્થિતિ છે. સામાન્ય રીતે તે અંગોની કામગીરીને અસર કરતી નથી; માત્ર તેમની જગ્યા બદલાયેલી હોય છે. પરંતુ સાઈટસ ઈનવર્સસની સાથે પાર્શિયલ AV કેનાલ ડિફેક્ટ હોવો આ કેસને વધુ જટીલ બનાવે છે. છાતીનું હાડકું કાપ્યા વગર, માત્ર એક નાના કોસ્મેટિક કાપા દ્વારા આ સર્જરી કરવી એ વિશ્વમાં પ્રથમ ઘટના છે. છાતીનું હાડકું કાપીને કરવામાં

# પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે સમાધાન કરાવવાના ચીનના પ્રયાસો

**અફઘાનિસ્તાનમાંથી** ભારતનો પ્રભાવ ખતમ કરવા ડ્રેગનની ચાલ

નવી દિલ્હીઃ તા. 4ઃ મિડલ ઈસ્ટ સંકટની અસર આખી દુનિયામાં જોવા મળી રહી છે. જે રીતે ઈરાન સાથે અમેરિકા અને ઈઝરાયેલનું યુદ્ધ ચાલી રહ્યું છે તેનાથી ઘણા દેશો ગંભીર ઊર્જા સંકટનો સામનો કરી રહ્યા છે. ખાસ કરીને હોર્મુઝ સ્ટ્રેટમાં તેલ અને ગેસના જહાજો અટવાયેલા છે. દરેક વ્યક્તિ એ વાતની રાહ જોઈ રહ્યા છે કે આખરે આ યુદ્ધ ક્યારે ખતમ થશે. બીજી તરફ ભારતના પાડોશમાં પણ બે દેશો સામસામે લડી રહ્યા છે. જી હા, પાકિસ્તાન અને અફઘાનિસ્તાન વચ્ચે સૈન્ય સંઘર્ષ તાજેતરના દિવસોમાં ઘણો વધી ગયો છે. તેની અસર દિલ્હી સહિત સમગ્ર એશિયાઈ ક્ષેત્રમાં જોવા મળી રહી છે. આ જ કારણ છે કે હવે બંને પાડોશી દેશો વચ્ચેના સંઘર્ષને ખતમ કરવા માટે ચીન 'ચૌધરી' (મધ્યસ્થી) બનતું દેખાઈ રહ્યું છે. નિષ્ણાતોના મતે, ભારતના પ્રભાવને ખતમ કરવા માટે ડ્રેગન આ ચાલ ચાલી રહ્યો છે.

પાકિસ્તાનઅનેઅફઘાનિસ્તાનના સંબંધો હંમેશાં કડવા નહોતા. જોકે, 2021માં કાબુલની અંદર તાલિબાન સત્તામાં પાછું આવ્યું ત્યાર બાદ જ તેમની વચ્ચે વિવાદ વધ્યો, જે અત્યારે સૌથી ભીષણ યુદ્ધ સુધી પહોંચી ગયો છે. જોકે, હવે બંને પાડોશી દેશોને સમજાવવાના અને સૈન્ય સંઘર્ષને સમાપ્ત કરવાના પ્રયાસો શરૂ થયા છે. બંને દેશોના રણનીતિકારો ચીનમાં વાટાઘાટો કરી રહ્યા છે.

બેજિંગ પોતાના સુરક્ષા હિતો માટે બંને દેશો વચ્ચેના સંબંધોને સામાન્ય બનાવવામાં મદદ કરી રહ્યું છે. આ સાથે ચીનનો પ્રયાસ કાબુલ પર નવી દિલ્હીના પ્રભાવને નિયંત્રિત કરવાનો પણ છે. ચીને આ ઘટનાક્રમો અંગે મહત્ત્વની ટિપ્પણી કરી છે. પાડોશી દેશે કહ્યું કે અફઘાનિસ્તાન અને પાકિસ્તાન વચ્ચેની વાટાઘાટોમાં સતત પ્રગતિ થઈ રહી છે.

ચીની વિદેશ મંત્રાલયના પ્રવક્તા માઓ નિંગે કહ્યું કે, વાતચીતની પ્રક્રિયા સતત આગળ વધારવામાં આવી રહી છે અને તેમાં પ્રગતિ પણ થઈ રહી છે. ત્રણેય પક્ષોએ મીડિયા કવરેજ સહિતની એક વિશિષ્ટ કાર્યપદ્ધતિ પર સહમતિ અને વ્યવસ્થાઓ બનાવી લીધી છે. પાકિસ્તાન-અફઘાનિસ્તાન સંઘર્ષમાં તાજેતરના વધારા પછી ચીન પોતાની રીતે મધ્યસ્થી અને વાટાઘાટોને પ્રોત્સાહન આપી રહ્યું છે.

# નૈના દેવી મંદિર ટ્રસ્ટે વધેલા ખોરાકમાંથી બાયોગેસનું ઉત્પાદન શરૂ કર્યું

**સિલિન્ડરની** તંગી વચ્ચે લંગર માટે નવો રસ્તો કાઢ્યો

બિલાસપુર (એચપી), તા. 4 (PTI): નૈના દેવી મંદિર ટ્રસ્ટ તેની સામુદાયિક રસોઈ અથવા લંગર દ્વારા પેદા થતા જૈવિક કચરામાંથી બાયોગેસ ઉત્પન્ન કરનાર હિમાચલનું પ્રથમ શક્તિપીઠ બન્યું છે. એમ અધિકારીઓએ શનિવારે જણાવ્યું હતું. હિમાચલના બિલાસપુર જિલ્લામાં આવેલું આ મંદિર મોટી સંખ્યામાં ભક્તોને આકર્ષે છે. લંગરના કચરામાંથી બાયોગેસ ઉત્પન્ન કરીને તેણે રાજ્યમાં આવી પહેલ કરનાર પ્રથમ ધાર્મિક સંસ્થા બનવાનું ગૌરવ પ્રાપ્ત કર્યું છે. શ્રી નૈના દેવી મંદિર ટ્રસ્ટના અધ્યક્ષ અને સ્થાનિક સબ-ડિવિઝનલ મેજિસ્ટ્રેટ (એસડીએમ) ધરમપાલ ચૌધરીએ જણાવ્યું હતું કે, નજીકના ભવિષ્યમાં આ બાયોગેસ પ્લાન્ટની ક્ષમતામાં વધુ વધારો કરવામાં આવશે.

ટ્રસ્ટે ઘન કચરાના વ્યવસ્થાપનની ક્ષમતા ધરાવતો આધુનિક, પ્રી-ફેબ્રિકેટેડ બાયોગેસ પ્લાન્ટ સ્થાપિત કર્યો છે. પ્લાન્ટ હવે સંપૂર્ણ રીતે કાર્યરત છે અને ગેસનો ઉપયોગ સીધો મંદિરના રસોડામાં પ્રસાદ અને લંગરનું ભોજન તૈયાર કરવા માટે કરવામાં આવી રહ્યો છે. 200 કિલોગ્રામ જૈવિક કચરાની પ્રક્રિયા કરવાની ક્ષમતા સાથે આ પ્લાન્ટ હાલમાં તેના પ્રારંભિક તબક્કા દરમિયાન દરરોજ અંદાજે 20 કિલોગ્રામ બાયોગેસનું ઉત્પાદન કરી રહ્યો છે. ભવિષ્યમાં એ સુનિશ્ચિત કરવામાં આવશે કે દૈનિક ગેસનું ઉત્પાદન વપરાતા કોમર્શિયલ સિલિન્ડરોની સંખ્યાની બરાબર હોય.

## તેલંગાણામાં પિતાએ જોડિયા પુત્રીઓને ઝેર પીવડાવી કૂવામાં ફેંકી દીધી

**અમરાવતી, તા. 4** : તેલંગાણાના કરીમનગર જિલ્લામાં એક વ્યક્તિએ કથિત રીતે તેની ચાર વર્ષની જોડિયા પુત્રીઓને ઝેર આપીને કૂવામાં ડૂબાડીને હત્યા કરી નાખી હતી. આરોપીને છોકરીઓ હોવાને કારણે દુઃખ હતું અને તેને પુત્ર જોઈતો હતો, જેના કારણે તેની પત્ની સાથે વારંવાર ઝઘડા થતા હતા. શુક્રવારે એક વ્યક્તિએ કથિત રીતે તેની ચાર વર્ષની જોડિયા પુત્રીઓને ઝેર પીવડાવ્યું અને તેલંગાણાના કરીમનગર જિલ્લામાં એક કૂવામાં ડૂબાડીને મારી નાખી હતી. કારણ કે, તે છોકરીઓના જન્મથી નારાજ હતો. પોલીસે જણાવ્યું હતું કે, જોડિયા પુત્રીઓના જન્મ પછી આરોપીનો તેની પત્ની સાથે વારંવાર ઝઘડો થતો હતો અને તેને પુત્ર જોઈતો હતો. આરોપી કચ્ચુ શ્રીશૈલમ, જે એક ખાનગી કર્મચારી છે, તેનાં લગ્ન છ વર્ષ પહેલાં થયાં હતાં અને તેને ચાર વર્ષીય જોડિયા પુત્રીઓ ગીતાંશી અને ગીતાન્વિકા હતી. શ્રીશૈલમ કથિત રીતે તેના બંને બાળકો છોકરીઓ હોવાથી નાખુશ હતો અને આ મુદ્દે વારંવાર પત્ની સાથે ઝઘડો કરતો હતો.